

શનિ જયંતિ નિમિત્તે વાવોલ શનિ મંદિર ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જ્યાં ભક્તો દ્વારા 'હેપ્પી બર્થ ડે ટુ યુ શનિદેવ' કહીને કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો મંદિરે એકઠા થઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# આસારામનો યૌન શોષણ કેસ કોર્ટમાં હવે, બંધ બારણે ચાલશે

## અતિસંવેદનશીલ આ કેસ કોર્ટમાં સાક્ષીઓને તપાસવા પર આવ્યો : બે સાક્ષીઓની 'ઈન કેમેરા' જુબાની લેવાઈ

ગાંધીનગર, તા. ૨૫

આસારામ સામેના યૌન શોષણ કેસની આજે ગાંધીનગર કોર્ટમાં મુદત હતી. સરકારી વકીલે આ કેસ હવે બંધ બારણે (ઈન કેમેરા) ચલાવવા અરજી આપી હતી. એડી. સેશન્સ જજે અરજી ગ્રાહ્ય રાખીને હવે આ કેસ ઈન કેમેરા ચલાવવા મંજુરી આપી છે. અતિ સંવેદનથી આ કેસ હવે સાક્ષીઓને તપાસવા પર આવ્યો છે અને આજે બે સાક્ષીઓ 'ઈન કેમેરા' જુબાની લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

બહુચર્ચીત આસારામ યૌન શોષણ કેસ ગાંધીનગર શેસન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે. સલામતી અને સુરક્ષાના પગલે અગાઉ જોધપુર જેલમાંથી સ્કાયથી પર ઓનલાઈન આસારામના નિવેદન લેવાયા હતા. આ અતિ સંવેદનશીલ કેસ હવે સાક્ષીઓની જુબાની પર આવ્યો છે. અગાઉ સાક્ષીઓ પર જીવલેણ હુમલાના કિસ્સાઓ થયા હોવાના પણ રેકર્ડ છે. સરકારી વકીલે આજે એડી સેશન્સ જજને કોર્ટમાં અરજી આપી કે આ અતિસંવેદનશીલ કેસને હવે બંધ બારણે (ઈન કેમેરા) ચલાવવા મંજુરી આપો. આ અરજીને કોર્ટે માન્ય રાખતા હવે આ કેસ માત્ર આરોપીઓ, ફરીયાદી, સાક્ષીઓ તથા કોર્ટના સ્ટાફની હાજરીમાં જ ચાલશે. બહારની એક પણ વ્યક્તિ આ કેસ ચાલતો હશે ત્યારે કોર્ટ રૂમમાં હાજર રહી શકશે નહી. આજે આ કેસના બે સાક્ષીઓની જુબાની ઈન કેમેરા લેવામાં આવી હતી.

# સિવિલ હોસ્પિટલમાં અધિકારી-કર્મચારીઓ માટે ૮ કુલર ભાડે લવાયા

ગાંધીનગર, તા.૨૫

પાટનગરની સિવિલ



હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે દર્દીઓને મળતી માળખાગત સુવિધા પુરી પાડવામાં તંત્ર ઉણું ઉતરે છે. હોસ્પિટલમાં ગમે ત્યારે પંખા પડવાની ઘટનાઓને પગલે દર્દથી કણસી રહેલા દર્દીઓ શાંતિથી આરામ પણ કરી શકતા નથી. સિવિલ સંકુલમાં રહેલી અઢળક સમસ્યાઓનું સમાધાન વહીવટી તંત્ર કરી શકતુ નથી.ઉનાળાની કાળઝાળ ગરમીમાં દર્દીઓ માટે રાખવામાં આવેલ કેટલાક પંખા બંધ હાલતમાં છે, તે પંખા ચાલુ કરવામાં તંત્રને આળસ આવે છે. ત્યારે સિવિલની વહીવટી કામગીરી સંભાળતા અધિકારી-કર્મચારીઓ માટે ઉનાળાની સિઝન રહે અને ગરમી પડે ત્યાં સુધી

**હોસ્પિટલમાં દર્દીઓના માથે પંખા પડે છે, દર્દથી કણસી રહેલા દર્દીઓના પંખા ચાલુ કરાવવા માટે તંત્ર પાસે સમય નથી, જયારે સ્ટાફ માટે મહિને અંદાજીત ૧૮૦૦ના ભાડે એર કુલર**

ભાડાપટ્ટા પર ૮ કુલર લાવવામાં આવ્યા છે.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના છેવાડાના માનવીને પણ આરોગ્યલક્ષી સારવાર સરળતાથી મળી રહે તે માટે તંત્ર અને અધિકારીઓ સતત પ્રયત્નશીલ છે. આરોગ્યની વિવિધ યોજનાના લાભ નાગરીકોને સીધા જ મળે તે માટે પ્રયત્નો કરી રહી છે. ત્યારે રાજયના પાટનગરી હોસ્પિટલમાં રોજ સવાર પડે ને નવી સમસ્યા બહાર આવે છે. તંત્ર દ્વારા સમસ્યાનું સમાધાન કરાતું નથી જેથી સમસ્યામાં ઘટાડાની જગ્યાએ વધારો થાય છે. પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દથી કણસી રહેલા દર્દીઓ આરામ પણ શાંતિથી કરી શકતા નથી. કારણ કે તાજેતરમાં જ હોસ્પિટલ સંકુલમાં બે બનાવ પંખા પડવાના બન્યા હતા. શહેરમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમી પડી રહી છે. વોર્ડ અને ઓપીડી બિલ્ડીંગમાં કેટલાક પંખા બંધ હાલતમાં છે તે પંખા દર્દીઓ માટે કાર્યરત થાય તેવી કામગીરી અધિકારીઓ દ્વારા કરાતી નથી. રાઉન્ડ દરમિયાન આ સમસ્યા ધ્યાને પણ આવતી નથી. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉનાળાની ગરમી ને પગલે ગરમી પડે ત્યાં સુધી એક મહિનાના રૂ.૧૮૦૦ ના ભાડાપટ્ટા પર ૮ એર કુલર મંગાવાતા અંદરોઅંદર કર્મચારીઓમાં પણ ચણભણ શરુ થઈ ગઈ છે. ઉનાળાનો આકરો તાપ સહન કરી ન શકતા હોસ્પિટલના અન્ય કર્મચારીઓ માટે પણ વધુ એર કુલર મંગાવવા આવે તો નવાઈ નહી...!

# રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા માઈન્ડ પાવર વિષય પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા માઈન્ડ પાવર ટ્રેનીંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારના વકતા તરીકે ડૉ. જીતેન્દ્ર અઢીયા અને એમ.ડી.ની ટીમના ટ્રેનર રૂપલબેન શાહ ઉપસ્થિત રહેશે. આ સેમિનાર તા. ૨૭મેના શનિવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બપોરે ૧.૩૦થી ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.

આ સેમિનારમાં સમાજના વિદ્યાર્થીઓ, યુવાનો, યુવતિઓ જોડાશે અને માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારના વકતા ડૉ. જીતેન્દ્ર અઢીયા અને પારુલબેન શાહ અલગ અલગ વિષયો પર વકતવ્ય આપશે. જેમાં જીવનમાં ધ્યેય નિર્ધારણ, મનની અગાધ શકિતઓ વિશે જાણો, જીવનને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવો, સકારાત્મક વિચારધારાનો વિકાસ કરો વગેરે વિષય પર વકતવ્ય આપી જીવનમાં સફળતા અપાવશે. આ સેમીનારમાં ધો-૯ થી માસ્ટર સુધીના અભ્યાસ ધરાવતા તમામ વિદ્યાર્થીઓ અને સમાજના સર્વે સભ્યોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડે અનુરોધ કર્યો છે.

# નારદીપુરના કેસો અંગે તંત્રનું વલણ ઉદાસીન છે : ડાભી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે રાજય સરકારના આરોગ્ય વિભાગના અધિકારીઓ અને વેપારીઓની મિલીભગત અને બેદરકારીના કારણે ચાર દર્દીઓના કોલેરાનો રિપોર્ટ પોઝિટીવ આવતા કુંભકરણની નિંદ્રા માણતું સરકારી તંત્ર સફાળુ જાગૃત થતા તબેલામાંથી ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળુ મારવા જેવો ઘાટ ઘડાયો છે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા પ્રમુખે માંગણી કરી છે કે જે વિસ્તારોમાંથી કોલેરાના ચાર કેસ પોઝિટીવ મળ્યા છે તે વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે કોલેરાગ્રસ્ત વિસ્તારોમાં તકેદારીના પગલા લેવા તાકીદે અનુરોધ કર્યો છે. તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને વેપારીઓની મિલીભગત અને બેદરકારીથી લોકોના આરોગ્ય અને તંદુરસ્તીને હાનિ પહોંચાડે તેવા ખાદ્ય પદાર્થોનો વેપાર નાગરિકોના આરોગ્યના હિતમાં વહેલી તકે અટકાવવો જોઈએ તેમજ આવો વેપાર કરનાર અને કરાવનાર સામે કડક પગલા લેવાની જિલ્લા પ્રમુખે માંગ કરી છે. જો આ બાબતે ઝડપથી પગલા લેવામાં નહી આવે તો કોંગ્રેસ આવા અધિકારી અને વેપારીઓને નશ્યત કરવા આંદોલનનો માર્ગ અપનાવશે જેની ગંભીર નોંધ લેવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# તેનઝીંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડસ માટે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૫

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય યુવા કાર્યક્રમ વિભાગ, નવી દિલ્હી દ્વારા વર્ષ-૨૦૧૪ થી ૨૦૧૬ દરમિયાન સાહસિક પ્રવૃત્તિ કરી હોય તેવા સાહસિકો માટે 'તેનઝીંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડસ ૨૦૧૬' માટે અરજીઓ મંગાવાઈ છે.

આ એવોર્ડસના નામાંકન માટે અંગ્રેજી અથવા હિન્દીમાં અરજીપત્રક તથા પોતાની તમામ વિગતના બાયોડેટા સાથે અરજદારે આ અંગેના ફોટોગ્રાફસ/ પેપર કટીંગ/ અન્ય સાધનિક પુરાવાની પ્રમાણિત કરેલ નકલ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં. ૧૧/ ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનને તા.૨૯-૫-૨૦૧૭ના રોજ બપોરના ૧ કલાક પહેલા મળે તે રીતે મોકલી આપવાની રહેશે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

# સેક્ટર-૬ શોંપિગ પાસે ઈલેક્ટ્રીક ડીપીની દિવાલ ક્યારે બનશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૬ શોંપિગ સેન્ટર પાસે ટોરેન્ટ પાવર દ્વારા ડીપી નવી નાંખવામાં આવેલ છે. પરંતુ ટોરેન્ટ તંત્રને નડતરરૂપ દિવાલ તોડવામાં આવી હતી. ત્યારે એક રહ્યા છે.

શહેરના સેકટર-૬માં ડીપી પાસેની દિવાલ અંગે અનેકવાર સ્થાનિક વસાહતીઓ ટોરેન્ટ તેમજ પાટનગર વિભાગ પાસે જઈ આવ્યા છે. પરંતુ બંન્ને તંત્ર એકબીજાને ખો પણ અનેકવાર રજુઆત કરી ચુક્યા છે. પરંતુ કોટ અંગે આંખ મિચામણા કરી રહ્યા છે. આગામી સમયમાં ઉનાળાની સિઝન પુરી થવાની તૈયારીમાં છે અને ચોમાસાની સિઝન આવશે. ડીપી પાસે પાણી ભરાય અને



મહિના ઉપરાંતનો સમય થવા છતા દિવાલની પરિસ્થિતિ જૈસે થે જેવી છે. આગામી સમયમાં ચોમાસાની સિઝન શરુ થવાની છે. જેને પગલે કોઈ પશુ-પક્ષીએ કોઈ વ્યકિત ડીપીને અડકી જાય તો મોટો અકસ્માત સર્જાય તે પહેલા ડીપી પાસેની દિવાલ તૈયાર થાય તેવું સ્થાનિક વસાહતીઓ ઈચ્છી આપે છે.

ટોરેન્ટ પાવર દ્વારા આ દિવાલ કરવાનું કામ અમારુ નથી. જયારે પાટનગર વિભાગ દ્વારા કહેવામાં આવે છે કે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે.ત્યારબાદ સમગ્ર કામ નવી એજન્સી દ્વારા કરવામાં આવશે. જયારે વસાહતીઓ સુવિધા કચેરીમાં કોઈ પશુ-પક્ષીને કોઈ વ્યકિતન ભુલથી અડકી જાય તો ગંભીર પ્રકારની ઘટના સર્જાઈ શકે છે. જયારે દિવાલની અંદર ડીપી હોવાથી ખાસ કોઈ જઈ શકે નહી માટે તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા ડીપી પાસેની દિવાલ બનાવવમાં આવે તેવી સ્થાનિક રહીશોની લાગણી અને માંગણી છે.

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ખાતે ૭મા પગારપંચ મુદ્દે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અધિકારી કર્મચારી મહામંડળ ગાંધીનગર દ્વારા આજરોજ બોર્ડ ઓફિસે પ્રમુખ પ્રવીણભાઈ સુતારિયાના અધ્યક્ષ સ્થાને ૭ માં પગારપંચના મુદ્દે મંડળની ખાસ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના મહામંત્રી, ઉપપ્રમુખ, ખજાનચી, તેમજ ઈજનેર મંડળના પ્રમુખ, હોદ્દેદાર, અધિક્ષક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, ના.કા.ઈ શ્રી, સિનિયર મેનેજર, નાયબ મેનેજર તેમજ બોર્ડની તમામ શાખાના અધિકારી કર્મચારી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નીચે મુજબના નિર્ણયો લીધા હતા.

ગુજરાત સરકાર દ્વારા સ્વનિર્ભર બોર્ડને ૭માં પગારપંચનો લાભ આપવમાં આવ્યો છે. બોર્ડને વંચિત રાખવામાં આવેલ છે. સર્વે કાર્યપાલક /નાયબ ઈજનેરને મંડળ વતી વિનંતી કે આપ આવતીકાલે જ બાકી પાણી વેરાની વસુલાત માટેની દિ.૭માં પાણી વેરો ભરી જવા નહિ તો પાણી પુરવઠો બંધ કરવાની નોટિસ આપવા કાર્યવાહી કરશો. ખાસ લખવાનું કે બોર્ડને સ્વનિર્ભર કરવાના પ્રયાસના ભાગ રૂપે આ કાર્યવાહી કરવામાં આવેલ છે. અંગેની જાણ ધારાસભ્યને અચૂક કરવી. આપણે સૌ એ બોર્ડને ૩ માસની અંદર ૧૨૪૪ કરોડ બાકી પાણીવેરો વસુલ કરી સ્વનિર્ભર કરીશું.

સરકાર દ્વારા ખોટ કરતા બોર્ડ નિગમો ને પણ ૭ માં પગાર પંચનો લાભ આપી આપણી સાથે ભેદભાવ નીતિ અખત્યાર કરી હળાહળ અન્યાય કર્યો છે. અન્યાય સામે પાણી પુરવઠા બોર્ડના કર્મચારી ઓફિસ સમય દરમ્યાન એટલે કે ૧૦:૩૦થી ૬:૧૦ સુધી જ વર્ક ટૂ રૂલ્સ નિયમ મુજબ કચેરી ખાતે ફરજ બજાવશે. ૬:૧૦ પછી કોઈ પણ અગત્યની કામગીરી હોય કે ચાલુ મિટિંગમાંથી પણ ઉભું થઈ જવાનું રહેશે. આ અંગે સર્વે અધિકારી કર્મચારીએ સાથ સહકાર આપવા મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ અનુરોધ કર્યો છે. તેઓએ વધુમાં બોર્ડના ૯૦૦૦ કર્મચારીને જ્યાં સુધી સાથે ૭ માં પગારપંચનો લાભ ન મળે ત્યાં સુધી લડત ચાલુ રહેશે અને કોઈ બાબતે કોઈને પણ તકલીફ પડે તો પ્રમુખ પ્રવીણભાઈ સુતારિયાને જાણ કરવાની રહેશે.

**થેન્ક યુ ગુજરાત ... થેન્ક યુ ગુજરાત ... થેન્ક યુ ગુજરાત...**

# ગુજરાતે અમને અપેક્ષાથી વધુ સારી સુવિધાઓ આપી

## ઉદ્યોગ સાહસિક ગુજરાતીઓનું આતિથ્ય યાદ રહેશે : આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કના પ્રમુખ શ્રીયુત અકીવુમી આદેસિના

ગાંધીનગર, તા.૨૫

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ગ્રુપના શ્રીયુત અકીવુમી આદેસિના (**Akinwumi Adesina**)એ આજે બાવનમી એએફડીબી એન્યુઅલ મિટિંગ-૨૦૧૭ના ચોથા દિવસે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાતની 'ઈકોનોમી તેઓ મળ્યા હતા ત્યારે તેમણે બેઠકના આયોજન માટે જરૂરી આવશ્યકતાઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ બેઠક અંગે બેન્કની તમામ જરૂરિયાતોની ઝીણી-ઝીણી બાબતોનો ચીવટથી ખ્યાલ રાખી બેન્કની એન્યુઅલ મિટિંગને સફળ બનાવવામાં સરસ ભૂમિકા ભજવી છે.



ડાયનેમિક' છે. વિશ્વના ડાયમંડ પોલીશીંગના ઉદ્યોગનો ૯૦ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતની આગતા-સ્વાગતા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની દીર્ઘદ્રષ્ટી અને કાર્યઆયોજન કુનેહ વિશે શ્રીયુત આદેસિનાએ કહ્યું હતું કે, આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની એન્યુઅલ મીટિંગમાં અપેક્ષા કરતાં પણ ઘણું વધારે ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયું છે. આ માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનો એમણે હદયપૂર્વકનો આભાર માન્યો હતો.

તેમણે કહ્યું કે, આ મિટિંગ ગુજરાતમાં આયોજન સંદર્ભે અગાઉ જ્યારે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને

શ્રીયુત આદેસિનાએ કહ્યું કે, ગુજરાતમાં વિશ્વકક્ષાની આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે તે પ્રસંશનીય બાબત છે. ગુજરાતમાં સમૃદ્ધ કૃષિ વિકાસના પાયામાં રોજગાર અને આર્થિક વિકાસ છે. ટેકનોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે ગુજરાત આગળ છે, તેમ જણાવી ગુજરાતની ઉદ્યોગ સાહસિકતાની પણત નોંધ લીધી હતી.

ગુજરાતનું ભોજન અને ગુજરાતની આગતા-સ્વાગતાની શ્રીયુત અકીવુમી આદેસિનાએ મનમૂકીને પ્રસંશા કરી હતી, પ્રેસીડન્ટે તેમની ધર્મપત્નીને ગુજરાતી ભોજન શીખવા માટે જણાવશે તેમ હળવી પળોમાં જણાવ્યું હતું.

**એ.એફ.ડી.બી.ની સામાન્ય સભા અંતર્ગત**

# સિવિલ સોસાયટી વિષયક ચર્ચા મંચ મહાત્મા મંદિર ખાતે યોજાયો

ગાંધીનગર, તા.૨૫

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની બાવનમી સામાન્ય સભાના આજે ચોથા દિને 'સિવિલ સોસાયટી' વિષયક ચર્ચા મંચનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચર્ચા-મંચમાં ઉપસ્થિત ફીફાના સી.ઈ.ઓ. શ્રી કમલ ખુરાનાએ જણાવ્યું હતું કે, દેશનો સર્વાંગી વિકાસ કરવા માટે સિવિલ સોસાયટીની મહત્વની ભૂમિકા છે. ભારત દેશમાં ખાનગી ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પરીણામલક્ષી-અસરકારક નીતિઓ અને પગલાં ભરવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વને ભારત દેશની નીતિઓ અને માર્કેટ આકર્ષી રહ્યું છે. તેમણે ગુજરાતની વર્લ્ડ ફેમસ અમૂલ બ્રાન્ડ અને અને અમૂલ ડેરીની વાત કરતાં જણાવ્યું હતું કે, અમૂલ ડેરી ગુણવત્તાયુક્ત ડેરીની વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ આપે છે. જેના થકી આજે વિશ્વભરમાં તેની નામના છે. આ ડેરીને ડૉ.વર્ગીસ કુરિયને લોક સહકારથી જ ઉભી કરી હતી. આજે સરકાર દ્વારા ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થાય તે માટે અનેક કાર્યક્રમો અને કૃષિક્ષેત્રની સહાય યોજનાઓ અમલમાં છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે દિશામાં પણ સુચારુ આયોજન કર્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કોર્પોરેટ સેકટરના વિકાસ માટે સરકાર દ્વારા પ્રાથમિક સુવિધાઓ અને તેમને જરૂરી સ્કીલ ધરાવતા માણસ આપવા અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. દેશના કૃષિક્ષેત્રના વિકાસ માટે ભારતની પ્રતિષ્ઠિત આઈ.આઈ.એમ. સંસ્થા પણ સંશોધન કરી રહી છે આની સાથે સાથે ગ્રામ વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ગુજકેટના પરિણામમાં મોખરે : ૨૪ ઝળકયા

## ઉત્તમ પરિણામની વણથંભી વણઝારે આ વર્ષે પુનઃ વાલી વિદ્યાર્થીગણના ધમધમાટથી ગુંજતુ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનું પ્રાંગણ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ૨૦૧૭થી અમલી બનેલ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી એવી ગુજકેટની પરીક્ષાનું પરિણામ જાહેર થયુ. ત્યારે ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામના પાદરે આવેલી હજાનંદસ્કૂલ ઓફ એચિવરે આ વર્ષે પુનઃ ગુજકેટ પરિણામમાં મેદાન માર્યુ છે. શાળાના ૨૪ વિદ્યાર્થીઓએ ૯૯થી વધુ પી.આર. રેન્ક હાંસલ કર્યો છે. જ્યારે ૧૯૮ વિદ્યાર્થીઓએ ૯૦ થી વધુ પી.આર. રેન્ક હાંસલ કરી શાળા પરિવારને ગૌરવ અપાવ્યુ છે. ૧૯૮ વિદ્યાર્થીઓએ હાંસલ કર્યો ૯૦ થી વધુ પર્સન્ટાઈલ રેન્ક.

**૧૦૦ કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ**



ચૌધરી ભાવિક ૧૦૫.૭૫ | પટેલ સંકેત ૧૦૫.૦૦ | પટેલ પંકીલ ૧૦૨.૫૦

ધારવા સલોની ૧૦૧.૨૫ | પટેલ જીમીત ૧૦૦.૫૦ | શાહ પરમ ૧૦૦.૦૦

**તેજસ્વી તારલાઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પટેલ સંકેત | ૯૯.૯૧ | સાહ પરમ | ૯૯.૫૩ | જયસ્વાલ ગુંજન | ૯૯.૨૧ |
| ચૌધરી ભાવિક | ૯૯.૮૬ | પટેલ હેતુ | ૯૯.૫૦ | પ્રજાપતિ સાક્ષી | ૯૯.૨૧ |
| પટેલ દક્ષ | ૯૯.૭૨ | ડાંગી હર્ષીલ | ૯૯.૪૫ | પટેલ મીત | ૯૯.૧૮ |
| પટેલ પંકીલ | ૯૯.૭૦ | જોધા પ્રેક્ષા | ૯૯.૩૩ | પટેલ પુરવ | ૯૯.૧૫ |
| ધારવા સલોની | ૯૯.૬૩ | ઠક્કર જીનીત | ૯૯.૩૩ | બ્રહ્મભટ્ટ તેજસ | ૯૯.૧૫ |
| શર્મા વિવેક | ૯૯.૬૩ | પટેલ મુક્તન | ૯૯.૩૧ | કટારા ઝંખના | ૯૯.૧૫ |
| પટેલ જીમીત | ૯૯.૫૭ | પટેલ તક્ષ | ૯૯.૩૧ | ઝાલા ઋતુ | ૯૯.૧૦ |
| | | પ્રજાપતિ હર્ષ | ૯૯.૩૦ | બાલધા કેયુર | ૯૯.૦૫ |
| | | | | પટેલ હેની | ૯૯.૦૩ |